# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ ઓફીસ, લક્ષ્મીનગર, નાનામવા રોડ, રાજકોટ.

ફોન નં. ૦૨૮૧ – ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭ ફેકસ નં. ૦૨૮૧–૨૩૭૭૫૧૮


પીજીવીસીએલ/આઇઆર/ચેકઓફ/૨૦૧૦/ ૧૨૪૨૭ તા. ૩૧-૧૨-૦૯

## પરિપત્રઃ

**વિષયઃ – ચેક ઓફ પધ્ધતી હેઠળ માન્ય યુનિયન/એસોસીએશન નુ લવાજમ કાપવા બાબત.**

**સંદર્ભઃ – ૧ . ગુજરાત ઉર્જા વિકાસ નીગમ લીમીટેડ વડોદરા નો તા.૨૯-૧૨-૦૫ નો પરિપત્ર ક્રમાંક-જીયુવીએનએલ/ચેકઓફ/૨૦૦૫/૧૦૭૪.**

**૨. જીયુવીએનએલ/ચેકઓફ/૨૦૦૮/૧૯૭ તા.૩/૧/૨૦૦૮.**

**૩. પીજીવીસીએલ/આઇઆર/ચેકઓફ/૨૦૦૮/૨૦૯ તા.૪/૧/૨૦૦૮.**

**૪. જીયુવીએનએલ/ચેકઓફ/૨૦૧૦/૨૪૯૨ તા.૨૯/૧૨/૨૦૦૯.**

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ નાં પરિપત્ર નં જીયુવીએનએલ/ચેકઓફ/૨૦૦૮/૧૯૭ તા.૦૩/૦૧/૨૦૦૮ અન્વયે જે તે માન્યતા પ્રાપ્ત ઠરેલ યુનિયન/એસોસીએશન ને તા.૨/૫/૨૦૧૦ સુધીની માન્યતા પ્રાપ્તી નુ સ્ટેટસ પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ છે. આ અવધી પુરી થતાં નવી માન્યતા આપવા માટે નીચેની સુચનાઓ જારી કરવામાં આવે છે. જેનો પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ અને તેની તમામ સંલગ્ન કચેરીઓએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧. કંપનીના તમામ કર્મચારીઓ ટ્રેડ યુનિયન એકટ-૧૯૨૬ ની જોગવાઇ હેઠળ કોઇપણ રજીસ્ટર્ડ યુનિયન/એસોસીએશન નાં સભ્ય થવા માટે સંમતી આપી શકશે.

૨. પીજીવીસીએલ કંપનીનો ચેકઓફ અંગેનો આ પરિપત્ર કંપનીની વેબસાઇટ ઉપર પણ મુકવામાં આવશે તેમજ નોટીસ બોર્ડ ઉપર પ્રસીધ્ધ કરશે.

૩. કર્મચારી/અધિકારીઓ જે યુનિયન/એસોસીએશન નાં સભ્ય થવા માટે સંમતી આપશે તે આખરી ગણાશે. સદર સંમતી પત્રકો જાતે અથવા રજીસ્ટર્ડ યુનિયન/એસોસીએશન મારફતે જે તે કચેરીના વડાને જે તે કચેરીમાં સુપ્રત કરશે અને તે કચેરીના રજીસ્ટ્રી સેકશનના વડા તેમાં સહી-સિકકો અને તારીખ તેમજ સમય નો શેરો મારશે તથા તેની પહોંચ પાઠવશે.(પહોંચનો મુસદો આ સાથે સામેલ છે.)

૪. ચેક ઓફ સીસ્ટમ માટે કંપનીની વેબસાઇટ ઉપર અલાયદુ ફોલ્ડર બનાવશે આવશે અને તે વેબસાઇટ ઉપર મુકવામાં આવશે અને ચેકઓફ અંગેની તમામ સુચનાઓ, પરિપત્ર તેમજ તેને સંલગ્ન કાર્યવાહી જે તે ફોલ્ડર અન્વયે પ્રસીધ્ધ કરવામા આવશે.

૫. જે કિસ્સામાં કર્મચારીઓએ યુનિયનમાં સભ્ય થવા માટેનાં ફોર્મ એક કરતાં વધારે યુનિયન/એસોસીએશન માટે ભર્યા હશે એટલે કે ફોર્મમાં ડુપ્લીકેશન થયુ હશે તેવા કિસ્સામાં કર્મચારીની એકતરફી સ્પષ્ટતા મેળવવી અનિવાર્ય બની જાય છે. આ સંજોગોમાં કોઇ દ્રીધા ન રહે તે હેતુ થી નીચે જણાવેલ કાર્યપધ્ધતી અપનાવવા જણાવવામાં આવે છે.